# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં કહ્યું 21મી સદીના ભારતમાં વિજ્ઞાન નવી ઉર્જા સાથે પ્રગતિ કરી રહ્યું છે.
2. પ્રધાનમંત્રીએ કહ્યું, કાપડ એ ભારતનું ફક્ત એક ક્ષેત્ર નહીં આપણી સાંસ્કૃતિક વિવિધતાનું ઉદાહરણ.
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે સમગ્ર વિશ્વમાં આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાનો મજબૂત સંદેશ મળ્યો
4. ઉત્તરાખંડમાં, હરિદ્વારના મનસા દેવી મંદિરમાં ભાગદોડમાં છ લોકોના મોત – અનેક ઇજાગ્રસ્ત થયા
5. ભારતે સોમાલિયાને આવશ્યક દવાઓ સહિત 10 ટન તબીબી સામગ્રી મોકલી
6. ભારતીય ખેલાડી સીમાએ વિશ્વ યુનિવર્સિટી ગેમ્સમાં 5000 મીટર દોડમાં રજતચંદ્રક જીતી ઈતિહાસ રચ્યો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગર્વ વ્યક્ત કર્યો કે 21મી સદીના ભારતમાં વિજ્ઞાન નવી ઉર્જા સાથે પ્રગતિ કરી રહ્યું છે. આકાશવાણી પર તેમના મન કી બાત કાર્યક્રમમાં દેશને સંબોધતા, શ્રી મોદીએ ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાના અવકાશમાંથી પાછા ફરવા વિશે વાત કરી. તેમણે નોંધ્યું કે ભારતીય અવકાશયાત્રી પૃથ્વી પર સુરક્ષિત રીતે ઉતર્યા ત્યારે ખુશીની લહેર હતી અને સમગ્ર દેશ ગર્વની લાગણી અનુભવી રહ્યો હતો.

શ્રી મોદીએ યાદ કર્યું કે ઓગસ્ટ 2023 માં ચંદ્રયાન-3ના સફળ ઉતરાણથી દેશમાં એક નવું વાતાવરણ સર્જાયું હતું. તેમણે કહ્યું કે બાળકો વિજ્ઞાન અને અવકાશ પ્રત્યે જિજ્ઞાસા દર્શાવવા લાગ્યા, અવકાશ વૈજ્ઞાનિક બનવાની મહત્વાકાંક્ષાઓ વિકસાવી.

**(BYTE: PM-MODI-ON-SPACE-SECTOR)**

શ્રી મોદીએ 7 ઓગસ્ટ 1905 ના રોજ શરૂ થયેલા સ્વદેશી ચળવળ વિશે પણ વાત કરી. તેમણે ઉલ્લેખ કર્યો કે આ ચળવળે સ્થાનિક ઉત્પાદનો, ખાસ કરીને હાથવણાટને નવી ઉર્જા આપી. આની યાદમાં, દેશ દર વર્ષે 7 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય હાથવણાટ દિવસ ઉજવે છે. તેમણે કહ્યું, કાપડ ક્ષેત્ર દેશની એક મોટી તાકાત બની ગયું છે. છેલ્લા દાયકામાં, આ ક્ષેત્ર સાથે સંકળાયેલા ભારતના વિવિધ ભાગોમાં અસંખ્ય વ્યક્તિઓએ ઘણી સફળતા હાંસલ કરી છે.

(BYTE: PM-MODI-ON-TEXTILE-STARTUP)

કાપડ એ ભારતનું ફક્ત એક ક્ષેત્ર નથી. તે આપણી સાંસ્કૃતિક વિવિધતાનું ઉદાહરણ છે. દેશમાં હવે ૩ હજારથી વધુ કાપડ સ્ટાર્ટ-અપ્સ સક્રિય છે, જેમાંથી ઘણા વૈશ્વિક સ્તરે ભારતની હેન્ડલૂમ ઓળખને પ્રોત્સાહન આપી રહ્યા છે.

શ્રી મોદીએ શ્રાવણ માસમાં આવતા તહેવારોની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી.

**(BYTE:PM-MODI-ON-FESTIVAL)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HM-NSSC

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મજબૂત સંકલ્પ અને સાથી નાગરિકોના સમર્થનથી સમગ્ર વિશ્વમાં આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાનો મજબૂત સંદેશ મળ્યો છે.**

**નવી દિલ્હીમાં 8મી રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના પરિષદને સંબોધતા શ્રી શાહે કહ્યું કે ભારતનું વધતું કદ આગામી વર્ષોમાં રાષ્ટ્રીય સુરક્ષા પડકારો તરફ દોરી જશે. શ્રી શાહે કહ્યું કે આગામી 5-10 વર્ષ દેશના વિકાસ અને સુરક્ષા માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. તેમણે દરેક રાજ્ય પોલીસ દળ અને કેન્દ્રીય એજન્સીઓને શ્રેષ્ઠતા તરફ આગળ વધવા અને આંતરિક**

**સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે સ્વસ્થ સ્પર્ધાની ભાવનાને પોષવા નિર્દેશ પણ આપ્યો.**

**તેમના સંબોધન દરમિયાન, શ્રી શાહે મોટા માદક પદાર્થના હેરફેર સામે કાર્યવાહી શરૂ કરવા માટે ટોચથી નીચે અને નીચેથી ઉપર સુધી અભિગમ અપનાવવાની જરૂરિયાતની હિમાયત કરી, ઉપરાંત માદક પદાર્થના અપરાધીઓના પ્રત્યાર્પણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ASHWINI VAISHNAV – VADODARA

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાતના વડોદરામાં વિવિધ રેલવે પરિયોજનાની પ્રગતિની સમીક્ષા કરી. ત્યાર બાદ તેમણે વડોદરામાં 'મન કી બાત' કાર્યક્રમ પણ સાંભળ્યો. આજે તેઓ ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયના ત્રીજા પદવીદાન સમારોહમાં ભાગ લેશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ વર્ચ્યુઅલી જોડાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MANSUKH MANDAVIYA VIDYAPITH

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ દેશની શૈક્ષણિક સંસ્થાઓને આધુનિક બનાવવા પર ભાર મૂક્યો. ગુજરાતના અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલા “ગુજરાત નઈ તાલીમ સંઘની સામાન્ય સભા,

દ્વિ-વાર્ષિક સંમેલન અને રાજ્યકક્ષાની સંગોષ્ઠી” કાર્યક્રમમાં શ્રી માંડવિયાએ આ વાત કહી. તેમણે કહ્યું, પાયાના શિક્ષણને આત્મસાત કરવાની જરૂર છે. શ્રી માંડવિયાએ કહ્યું, વ્યસન આજે સૌથી મોટી સમસ્યા છે. સૌએ સાથે મળીને તેની સામે લડવું પડશે.

આ પહેલા શ્રી માંડવિયાએ અમદાવાદમાં સાબરમતી આશ્રમથી ગૂજરાત વિદ્યાપીઠ સુધીના માર્ગ પર “સન્ડે ઑન સાયકલ” કાર્યક્રમમાં ભાગ લઈ સાઈકલ ચલાવી હતી. તેમની સાથે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના જવાનો પણ જોડાયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# UTTARAKHAND-TEMPLE STAMPEDE

ઉત્તરાખંડના હરિદ્વારમાં આજે મનસા દેવી મંદિર તરફ જતા માર્ગ પર ભાગદોડમાં છ લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. મુખ્ય મંદિર તરફ જતા રસ્તા પર ભાગદોડ મચી હતી. મંદિરની આસપાસ ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી ત્યારે હાઇ-વોલ્ટેજ ઇલેક્ટ્રિક વાયર પડી જવાથી આ ઘટના બની હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ઉત્તરાખંડ પોલીસ, રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ **SDRF** સહિત અનેક બચાવ ટીમો ઘટનાસ્થળે બચાવ કામગીરી કરી રહી છે. ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ આ ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ સ્થાનિક વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં છે અને પરિસ્થિતિ નજર રાખવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PRE PM-HARIDWAR STAMPEDE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના હરિદ્વારમાં મનસા દેવી મંદિરમાં થયેલી ભાગદોડમાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે. રાષ્ટ્રપતિ મુર્મુએ પોતાના સંદેશમાં તમામ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલ શ્રદ્ધાળુઓ ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી છે.

પ્રધાનમંત્રી મોદીએ પણ પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે ઘાયલોના ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી છે અને નોંધ્યું છે કે સ્થાનિક વહીવટીતંત્ર અસરગ્રસ્તોને મદદ કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SOMALIA AID

ભારતે સોમાલિયાને માનવતાવાદી સહાયનો જથ્થો મોકલ્યો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે મોકલાયેલી 10 ટન સામગ્રીમાં આવશ્યક દવાઓ, સર્જિકલ સાધનો, હોસ્પિટલ પુરવઠો અને બાયોમેડિકલ સાધનોનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે ભારત સોમાલિયાને માનવતાવાદી સહાય પૂરી પાડવાનું યથાવત રાખશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-CRPF RAISING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અર્ધલશ્કરી દળના સ્થાપના દિવસ પર CRPF જવાનો અને તેમના પરિવારોને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે, દેશના સુરક્ષા તંત્રમાં, ખાસ કરીને આંતરિક સુરક્ષા સંબંધિત પડકારજનક પાસાઓમાં, CRPF મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

તેમણે કહ્યું કે, **CRPF** જવાનોએ ખૂબ જ કસોટીપૂર્ણ પરિસ્થિતિઓમાં તેમની ફરજ, હિંમત અને અડગ પ્રતિબદ્ધતા માટે એક છાપ છોડી છે. પ્રધાનમંત્રીએ માનવતાવાદી પડકારોને દૂર કરવામાં તેમના યોગદાનને પ્રશંસનીય ગણાવ્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# APJ KALAM- DEATH ANNIVERSARY

આજે દેશ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને પ્રખ્યાત વૈજ્ઞાનિક ડૉ. એપીજે અબ્દુલ કલામને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે. ડૉ.કલામે દેશના અવકાશ અને મિસાઇલ કાર્યક્રમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમને મિસાઈલ મેન તરીકે પણ ઓળખવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ડૉ. કલામ એક સ્વપ્નદ્રષ્ટા, અસાધારણ વૈજ્ઞાનિક, પ્રેરણાદાયી વ્યક્તિત્વ અને મહાન દેશભક્ત હતા. તેમણે કહ્યું કે ડૉ. કલામના વિચારો યુવાનોને વિકસિત અને મજબૂત ભારત બનાવવા માટે યોગદાન આપવા પ્રેરણા આપે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WORLD UNIV GAMES 2025

ભારતીય ખેલાડી સીમાએ જર્મની ચાલી રહેલા વિશ્વ યુનિવર્સિટી ગેમ્સમાં 5000 મીટર દોડમાં રજતચંદ્રક જીતનાર પ્રથમ મહિલા બનીને ઇતિહાસ રચ્યો. સીમાએ 15 મિનિટ 35.86 સેકન્ડના સીઝન-શ્રેષ્ઠ સમય સાથે રજતચંદ્રક જીત્યો છે.

દરમ્યાન સાહિલ જાધવે પુરુષોની કમ્પાઉન્ડ વ્યક્તિગત ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે ભારતીય તીરંદાજોએ પાંચ ચંદ્રકો સાથે પોતાનું અભિયાન પૂરું કર્યું. અગાઉ, તીરંદાજ પ્રણીત કૌરે મહિલા કમ્પાઉન્ડમાં રજત ચંદ્રક જીત્યો હતો. કમ્પાઉન્ડ તીરંદાજોએ મિશ્ર ટીમે સુવર્ણ, પુરુષોની ટીમે રજત અને મહિલા ટીમે કાંસ્ય ચંદ્રક પણ જીત્યો હતો. પ્રવીણ ચિત્રાવલે તેના બીજા પ્રયાસમાં 16.66 મીટરના કૂદકા સાથે ટ્રિપલ જમ્પમાં રજત ચંદ્રક જીત્યો હતો. આ સાથે જ ભારતના ચંદ્રકોની કુલ સંખ્યા નવ થઈ ગઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ODISHA-FLOOD

ઓડિશાના ઘણા વિસ્તારોમાં પૂરનું જોખમ વધી રહ્યું છે. સતત ભારે વરસાદને કારણે રાજ્યમાં સ્વર્ણરેખા, જલાકા અને બૈતરણી નદીઓના ઉપરવાસ વિસ્તારોમાં પાણીનું સ્તર વધી રહ્યું છે. રાજ્યના ઉત્તરીય ભાગોમાં ઘણા ગામો પાણીમાં ડૂબી ગયા છે, પાળા તૂટી ગયા છે અને સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .